॥ ॐ ॥

॥ श्री बाबुलनाथो विजयतेतराम् ॥

સંસાર સુધારક નાટક સમાજ

માલીક—એલ. જે. મહેતા તથા કે. કે. વી.,

જામનગર.

શારદા વિજય

નાટકનાં ગાયનો.

રચનાર:—

મરહુમ સાક્ષર કવિ વિજયશંકર કાળીદાસ વૈદ્ય.

છપાવનાર:—બ્રહ્મક્ષત્રિય કલ્યાણજી કાળીદાસ.

સંવત ૧૯૭૩.] આવૃતી ૫ મી. [સને ૧૯૧૭.

પ્રત ૨૦૦૦. કીંમત ૨ આના.

પ્રીન્ટર—મગનલાલ જગજીવનદાસ.

ઠેકાણું—સરસ્વતી પ્રેસ, નાગદેવી સ્ટ્રીટ—મુંબઈ (૨૬૯૬).

પબ્લીશર—બ્રહ્મક્ષત્રિય કલ્યાણજી કાળીદાસ.

ઠેકાણું—ભાંગવાડી, પ્રીન્સેસ થીએટર, મુંબઈ.

વિદ્યાપાઠ ગ્રંથ ...

હૃદયનું ઉદ્ગાર.

ગુજરાતી લૉપીરાઈટ સંગ્રહ

પ્રિય પ્રેક્ષક !

તમો જાણો છો કે કવિ વિજયશંકર કાળીદાસ સ્વર્ગવાસી થયા છે; પરંતુ તેઓનું કાવ્ય શરીર વર્તમાન છે. જો કે કવિ વિજયશંકરનો સ્થુળ દેહ પડી ગયો છે છતાં તેઓએ લખેલાં પ્રેમકળા, રામ ચરિત્ર, તિલક કુમાર, મોહીની, કરણ ઘેલો, નવલ કુસુમ, રામ રતન તેમજ આ શારદા વિજય વિગેરે ઉત્તમ બોધદાયક નાટકોથી તેમની નામના અને કિર્તી અક્ષય, અવિચલ અને અમર છે. તેમના શિષ્યવર્ગ માંહેનો હું એક છું અને તેમના પ્રત્યેની મારી ગુરૂભક્તિથી દોરવાઈ તેમનીજ આકૃતી તમારી સન્મૂખ રજુ કરવાનું સાહસ કર્યું છે. આ નાટય પ્રયોગમાં તમને જે કંઈ સારૂ લાગે તેનું બધું માન તેમનેજ ઘટે છે, અને જે કંઇ ન્યુનતા જણાય તે મારી છે એમ ગણી પ્રેક્ષકવર્ગ દરગુજર કરશે એવી આશા રાખું છું. હું જે કંઇ નાટકના પાત્ર તરીકે કામ કરૂં છું તથા નાટક લખવાનું કામ જે કાંઈ બે આની જાણું છું તે તેમનોજ પ્રતાપ છે, ને તે ગુરૂ તરીકે તેમનું ઋણ મારા ઉપર છે તે ઋણમાંથી હું કોઇ કાળે મુકત થઈ શકું તેમ નથી; તોપણ તેમની સેવક તરીકેની ભકિત બજાવી શકું એવી તક ઈશ્વર મને આપે તેવી આશા રાખું છું.

લી૦ બ્રહ્મક્ષત્રિ કલ્યાણજી કાળીદાસ,

વસેરા—(જામનગર).

અમારો નવો ખેલ—

પુનરલગ્ન ઉર્ફે વિધવા દુઃખદર્શક

એ નામનો ખેલ ટુંક સમયમાં બહાર પડશે.

શ્રી શારદા વિજય.

ગાયન.

સુત્રધાર-બાળાઓ— ૧

શ્રી દેવી શારદે.
ભીડ ભંજની ભકતની ભારતી મા,
ચરણુ શરણુમાં લે, લે, લે. શ્રી દેવી૦
શ્વેત વસ્ત્ર વપુશ્વેત ધારિણી,
હંસ વાહિની બ્રહ્મચારિણી.
માત વિજય વર દે, દે, દે. શ્રી દેવી૦

સુત્રધાર-નટી— ૨

આજ કોણુ વિશ્વે વિજય વરનાર છે ?
જે છે લક્ષ્મીનો યાર કે છે વિદ્યા વરનાર-કોણુ૦
વરે વિદ્યા વિજય લક્ષ્મી હાર છે
શી છે આપો સાબીતી આધાર—
ચોરે ચોરને લુંટારૂ લુંટનાર છે
ખાતાં ખરચે છે લક્ષ્મી જનાર—

ચોરો ચોરાય જેમ લુંટો લુંટાય જેમ
ખરચો ખરચાય તેમ વિદ્યા વધનાર—કોણ૦

ચંપક-સખીયો— ૩

સુમન સુગંધિત સુરસ સુરંગિત રહ્યાં વિકસિત શાં બાગે જો
કલી કલી અલી અલી રમતાં ભમતાં ચુમતાં રસ શા લાગે જો
સુણી મીઠડાં પંખી ગીતડાં, હરણ ચિત શાં ભાગે જો
મંદ લ્હેરખી પવનની સખી શાન્તિ ઝરણ શીત શાં વાગે જો
આની અદ્દભુત કુદરત કૃતિ ગતિકો માહ્રા મતિ તેને તાગે જો—

દાસીઓ— ૪

જોની કેવો ખીલ્યો જોબનીયાનો બાગ છે
ખીલ્યા છે ગાલ કે ખીલ્યા છે ગુલાબ એ
લુટી જો પરાગ લે, છુટી કેશ નાગ છે-ખીલ્યા.
હેમ સુધારસ ભર નેણ સ્નેહ સરવર
કીકી જો સ્વચ્છ છે મચ્છ બરાબર
અખંડ અમૃત જેને ભાગ છે
નિશંક તે મીન મહા ભાગ્ય છે—ખીલ્યો.

ચંપક-દાસીઓ— ૫

સેવો સતી બ્હેન શાણી, પ્રેમ આણી,
જાણી પતિ ભગવાન—સેવો૦

જાણી જીવ પ્રાણ, જાણી સુખ ભાણ,
જાણી ગુણ ખાણ, રૂપના નિધાન—સેવો
વેદની છે વાણ, તિર્થ ધામ છે તમામ-સ્ત્રીઓને સ્વામ
ગતિ પતિથી યુવતિની,
પતિ વિના કોઈ ના કોઈ ના કોઈ ના,
છે ત્રિભુવને ભામા ભગવાન—વેદની છે.

સાખી.

તરવા ભવસાગર મળ્યું, જે માનવ તન નાવ,
તેનું શ્યામ સુખાન છે, રાખી ધ્યાન ચલાવ.
ધરી સુખાન કંથ, ધર્મ પંથ વીચરી,
પતિ પરાયણા, મહા સતી તણા
વર્ગ વિરાજીરે, સ્વર્ગ ડરી—સતી તણારે
ચર્ણ તણી દેવ મુની પણ કરે છે સદા સેવના—સતી

સાખી.

સતી અનસુયાનું ગયા સત જોવા જે કાળ.
હરિહર ને બ્રહ્મા બન્યા, સતી માતાના બાળ
એવો સતી તણો મહિમા છે ઘણો,
જાણી એ સાન, સેવો એક તાન—બ્હેન શાણી.

ચંપક-ચુડામણી— ૬

જા જા ગોલા બહુ બોલા શું ડોળા બતાવે.
બાળી ભોળી તે ભાળી તે નારી બીચારી,
તું શું દમ મારીને દબાવે—જા. જા.
સારૂં કુમારી નહીં થાવું છે,
તુંથી ભાવી નહી ભુસાવું છે,
જો તું માન,
જા નાદાન,
(પ્રભુ) બેલી શ્રી સત્યનો બચાવે. જ્યાં
તું શું ફાવે ત્યાં—જા. જા.

છોકરાઓ— ૭

રમો કૂદો આવો ગેડી દડા લાવો;
જોડી જોડી જાઓ ભેરૂઓ થાઓ.
ગેડી ને દડે ન રમ્મત ચડે ન
ગમ્મત પડે લગાર,
આંખ મીચામણી છુપ છુપામણી,
ઘોડા દોડામણી એજ ચલાવ. (૨)
કોણ કહો મોટા થાયો,
કહો કોણ થયો છો સ્વાર બતાવ.—રમો.

ચંપક-દાસીઓ— ૮

જાઓ જાઓ છોડો છેડો
ન છેડો ન કેડો લ્યો નાહીં સતાવો—
રસ પ્યાલા પીઓ ને પાવો—
સંગે પિયુની, રંગે જોબનીયું
માણી લ્યોને લ્હાવો રે---જાઓ.

ચંપક— ૯

હું તો પ્રેમની જોગણુ પિયુને શોધવા ચાલી
શોધવા ચાલી પિયુને શોધવા ચાલી—હું તો૦
રાજની ભોગણુ બની શીરતાજની જોગણુ પિયુને શોધવા ચાલી
પ્રેમની કફની ધરીને પ્રેમની ઝોળી,
અંગે ભભુતી પ્રેમની બસ પ્રેમથી ચોળી—પિયુ૦
કરૂં સાધના શૃંગારની, કરૂં શ્યામનું દરશન;
રટું મંત્ર કર માળા લઈ, બસ પ્રિયતમ પ્રિયતમ—પિયુ૦

૧૦

ગીરીવર દે કંઇ ભાળ વાદળથી વાતો કરે
કયાંયે મુજ ભરથાર દેખાય દુરના દેશમાં

૧૧

વાદળી વાહેલી રે દૂર દેશથી આવતી
દીઠાં હોય તો દે ભાળ કંઈ ભરથારની

ચંપક— ૧૨

કાગ વીરા વેગે વાલમને દે જા દુખીનો સંદેશ,
જોગણુને વેષે વીજોગણી કે જા ભમે દેશોદેશ.
જામે જીતની બુધ હખે ઇતનો કહે બતાય
વાકો બુરો ન માનીયે ઓર કહાંસે લાય
ગાગરના પાણી ઝુકી છળે સાગર ના માઝા મુકી છળે
નીતિનો ધારો એ ધારો પ્રાણેશ દોષો ન ધારો પધારો પ્રાણેશ—વીરા.

૧૩

લેશ ન લ્હેર પવનની વાયે, તેમ ન પંખી જણાયે
તોયે સ્થીર ગંભીર જલ માંહે કાં તું ડોલાં ખાયે
દેખી મુજ દુઃખ શીર કંપાવે, કે મરતી મુજને અટકાવે.

કાળીદાસ— ૧૪

પ્રથમ કમળ ડોલી કહે તુજને
નથી પતિ તુજ આ ઠામે
પછી ડોલી સમજાવે શાને
જીવતો ભદ્રા પામે
પ્રાણ તું ના પરહર પ્યારી—નજર કર આમ મનોહારી.

ચંપક-કાળીદાસ— ૧૫

જાઓ કંથ કુડા આળ શું ચડાવો છો.
ભૂલ્યો ભૂલ્યો રસીલી વ્હાલી,

ભૂલ્યો રંગીલી વ્હાલી,
ભૂલ્યો છબીલી વ્હાલી,
આવો શું રીસાઓ છો—જાઓ,
આવો આવો જોબન જંગ ખેલીયે,
આવો આવો મદન રંગ રેલાંયે,
આવો મધુર બાળા,
આવો ચતુર વ્હાલા,
પાઓ મધુ રસાળા,
પ્રિતીના પુર પ્યાલા,
જાઓજી જાઓજી જાઓ શું સતાવો છો—જાઓ૦

ચુડામણી— ૧૬

જાન જાય તોયે ના ના ન છોડું
જાન જાન લઉં બસ જાન—જાન૦
ફરી ફરી ફરી, સ્થળ સ્થળ સ્થળ
કરી કરી કરી, કલ બલ છલ—જાન૦

અંક બીજો.

વિલાસી— ૧૭

શી ખીલી જુવાની જાદુગારી ભારી મારી
ગુલાબી રંગે છે રંગી અનંગે, જે જંગી સંગે જીતનારી
જોઈને મોહીને ખોઈ બેઠા શર્મ, પર્મ કર્મ ધર્મ ધારી—શી૰
ગોરાશા ગાલો ને નાગણશા વાળો ને કામણની જાળો પસારી,
લીધાં ફસાવી લાખો નરને કીધાં મેં જરધર બનાવી ભીખારી—શી૰
વિલાસી નામે ને ગુણીકાને કામે, છું ગામે જાણીતી હું નારી
પંખી મન ધારૂં તો ગગને પણ મારૂં છું એવું પણ ધારી—
શીકારી—શી ખીલી.

વિલાસી— ૧૮

રાજપુરનો રહેનારો આ થયો મુજ ઘેરે મહેમાન,
મેં પણ રાખ્યો ખુશી થકી ધારી છે ધાર થકી અંજાણ.
વાત ચીતમાં બેઠાંતાં બન્ને ત્યાં બારી પર જઈ કહ્યું,
ગજ ગજ મોટાં પાન ભરી જો પેલી ગલીમાં ગાડું ગયું.
હું પણ થઇ નાદાન ખરી કે જાણી ખરૂં એ જોવા ગઈ,
પુછો તે પાછળ આ મારા શેઠ તણી કેવી ગત થઈ.

દેવીદાસ—

મેં આવીને પૂછ કરી કે બાઈ વિલાસી કયાં ગઈ છે,
કહે મને કે ગઈ વિલાસી કોઇ પુરૂષ સંગે લઇને.
ચડયો ક્રોધ ને પડયો પાછળે પાછળ આવી વિલાસી,

વિલાસી—

કહે મજને કે ગયા શેઠ તો કોઈ નારી સંગે નાસી.
હું પણ ક્રોધે થઇને રાતી માતી તેની પુંઠે વળી,
પાછળથી આ માડી મારી મંદીરથી ઘર પાછી વળી.

ડાસી—

મને કહે કે રાજપુરેથી અશુભ વાત એક આવી છે,
તેથી કરવા સ્નાન વિલાસી નદી પરે સીધાવી છે.
રાજપુરે મુજ પતિ રહે છે મેં જાણ્યું કે એજ મુવા,
છતે ધણી કુટયાં પીટયાં ને ફોગટ હાય ફજેત મુવા.

ટેલીઓ-- ૧૯

થાશું થાશું અમે મોટા શેઠીયા
જાશું જાશું બની ઠની શેઠીયા
રંગીલા શેઠીયા, રસીલા શેઠયા, છબીલા શેઠીયા
ઓહો ! થાશું૦
ભટ્ટણી જોઈ શેઠ આનંદમાં ભેટીયા
શેઠાણી શેઠીયા ગાડીમાં લેટીયા—
ચાર ઘોડાની ગાડી ચલાવ ચોપાટી—થાશું૦

કાળીદાસ-- ૨૦

અશ્વની સદા તમ મંદીરે દીને દિને વૃધી થજો.
પુનરવસુનો વાસ પણ તમ મંદીરે વાધ્યો જનો

રેવતી પતિના ભાઈ કૃષ્ણુ તણીજ સેવા ઉર હજો,
કૃતીકા અને કારતીક સ્વામી સમ પરાક્રમ તમ થજો.

વિલાસી-- ૨૧

દીવાનાં દીલડાં, ડાહ્યું જરી તું થારે,
મસ્તાનાં મનડાં માની જરી સ્થિર થારે,
કાં નાહક મરવા બની પતંગ દીવે ધારે—દીવાનાં
દીવાને દરકાર નહીં બળી બળી મરે પતંગ,
એવો જીવડા જાણ તું જુઠો પ્રિતિનો રંગ,
એવા જુઠા રંગે ન રંગારે—દીવાનાં
જે મુરત પર મોહીને તું તરફડી મરે અહીં,
તેને તારૂં સ્વપ્ન નહીં મીઠી નીંદર મહીં,
મિથ્યા આશા તાણે ન તણારે—દીવાનાં૦

દાસીઓ-- ૨૨

સખી જેણે મોહ મદીરા પીધો
જાણો છતી આંખે અંધાપો લીધો— સખી૦
કર્મ આચાર ત્યાગી શર્મ વિચાર ત્યાગી
ધર્મ આધાર ત્યાગી દીધો
ત્યાગી તેણે શાન્તિ સંતાપ માગી લીધો—સખી૦
વિદ્યા વિવેક ત્યાગી કુળની ટેક ત્યાગી
છેક આહાર ત્યાગી દીધો
ત્યાગી તેણે ઉંઘ ઉજાગરો લીધો—સખી૦

વિલાસી-દાસીઓ-- ૨૩

કેને બ્હેની શું જોઈ મોહી બેઠી ખોઈ શુદ્ધ સાન તું-કેને૦
બેઠી મેલી ઘેલી ખાનપાન તું—
મોહી કાયાને જોઈ—માયાને જોઇ
અમારી વાતની તારે પંચાત શી જા જીવ ખા ન તું—કેને૦
ચાલ ચટકે મોહી છે શું કેની,
મુખ મટકે મોહી છે શું બેની
કેની એવા શાં કામણે બની બેભાન તું—મોહી૦

વિલાસી-- ૨૪

મારી કરીને મોહ બાણુ કવી કુડા,
કાતીલ થઈ આમ ન સતાવ
ચોરી કરીને ચીત પ્રાણ કવી કુડા—કાતીલ૦
તારા પ્રેમની લગની લાગી મુને,
કુડા કામની જ્વાળા જાગી મને
જાગ જાગ બળું આગથી બચાવ કવી કુડા—કાતીલ.

કાળીદાસ-- ૨૫

ખરેખર તુલસી સમ ગતી તારી,
જાત જુદી પણ ભાત એક છે
એહ પુરૂષ તું નારી—ખરેખરે૦
ગાંડા તે ગુણિકા પુંઠે તું મારા પર જેમ
ત્યાં થઈતી ગત તે તણી તારી અહીં થઈ તેમ—ખરેખર૦

કાષ્ટ ગણીને શબ ધરી, ઉતર્યો તે નદીપાર
સમજી દોરી સાપને, પકડી ચડયો અટાર—
તેં અગ્નીને ફુલ ગણી, ધર્યાં હાથ મોઝાર
બની પ્રેમાંધ ધર્યો અરે અવળો જો શણગાર—
દ્રઢ વૃતી દ્રઢ પ્રાણ છે, બેના એક સમાન
તુલસી સમ તર તુંય લઈ વેસ્યા વચન પ્રમાણ—ખરેખર૦

કાળીદાસ— ૨૬

અહા પિતા પ્યારા મારા, અધમ ઉધારા,
નવો જન્મ પામી, ભય વામી રે હુંતો—અહા.
નર્કની રાહ તજાવી, સ્વર્ગના દ્વાર ખોલ્યા,
ગુરૂ જ્ઞાન મેં ઘટ ઘટ પીધું રે આજે—અહા.
માયા મોહ છોડી માળા, ધરજે હરીની તું.
રટજે રદયે રામ નામને રે તું તો—અહા.

કાળીદાસ-- ૨૭

કૃષ્ણે ચોર્યો વસ્ત્ર ગોપીજનના બેઠો જઈ દાળીએ,
ગોપી નગ્નનિતંબ પર કર દઈ લજા થકી કરગરે,
તોયે લેશ ન કાન કાન ધરતો એ કાન કાળો કંઇ,
જોઇ નિર્લજ મીત્ર એહ સુજને ભારે અરે રાટી થઇ.

—:o:—

અંક ત્રીજો.

વિલાસી-- ૨૮

મુરખ મનવા તજ તોફાન રટ તું એક નીરંજન નામ
માત તાત સુત બાંધવ એની માયા તણા ગુલામ—રટ તું૦
હાય હાય કરી રળે હજારો કોઈ ન આવે કામ --રટ તું
બાગ બંગલા છોડી છેવટ જઇ વસવું સમશાન-રટ તું૦

વિલાસી— ૨૯

તોફાની દરીયે નાવ તમારૂં ગોથાં ખાયરે
મસ્તાની દરીએ નાવ તમારૂં ગોથાં ખાયરે—તોફાની૦
માયા પી સૂતા શું મુરખ જાગી કરો ઝટ સ્હાય—
પાપી પવનના ખાઈ પછાડા, ભાઠે જઇને ભરાયરે-તોફાની૦
મહા સાગર તો માપી આવ્યા ખાડે ખુંચી જાય—
લખ ચોરાશી બંદર કીધાં, ફોગટ ફેરો થાય રે—તોફાની૦

વિલાસી-- ૩૦

પરદેશી મુસાફર માર્ગ વિકટ છે ચેતી ચાલજો
આ દેશ તણી વસ્તી સહુ ઠગ છે ચેતી ચાલજો
માયા છે અહીંની મહારાણી, ચોર તણી પણ ચોર
મોહ મદીરા પાઈ બનાવે અંધ એ રાંડ નઠોર

યથા રાજા તથા રૈયત છે, એક ચોર તો એક ઠગ છે
ઉપર તો ધોળા બગ છે પણ અંતર કાળા કાગ છે—ચતુર નર.
કોઈ કહેશે માત તમારી, કોઈ કહેશે તાત
કોઈ કહેશે ત્રીયા તમારી, કોઈ કહેશે ભ્રાત
ચતુર ચોરોની એ ચતુરાઇ, સમજી જો સત્ય સગાઇ
ભોળા ગયા ભુલ ખાઇ, તો લાખો જશો લુંટાઇ—ચતુર નર.

ચંપક— ૩૧

શાને સતાવો પિયુ ભોળીને
મને ભોળવીને ન ભરમાવો
નર કે નારનું ભાન ઘર બારનું
ભુલી તોએ રહી મારે રાવોરે
કરો માફ આવો,
આવો આવો ને મલકાવો
આનંદ ઉભરાવો.......... શાને.

રાણી-ચંપક— ૩૨

રંગે રસીલી વાલમજીનું નામ રટો
દુખીયાંને કાં દો છો ડામ
આવે તારો સ્યામ.......... ...રંગે
એ.....વેરણ થઈ આ રાત હવે તો
સ્યામ વિના આ સરવે સ્યામ

સ્વપ્નાં દંપતિનાં ગોઠવ તું થશે આરામ
વિરહી બાળા મૂકો ચાળા
છેલ છોગાળા હા લટકાળા
આવે તારો શ્યામ..................રંગે.

33

ધન્ય ભાગ્ય શ્રી દેવી ફલીયાં અમારાં (૨)
પુર્ણ પુન્ય શ્રી દેવી ફલીયાં અમારાં (૨) ધન્ય૦
ફીકર છોડાવીને સારી દીધાં કાજ (૨)
આનંદ પાર નહિ રાખી અમ લાજ (૨)

સમાપ્ત.